**ફોજદારી કેસ નંબર :– ૭૧૩૬ / ૨૦૨૨**

## <u>આંક–૧ લગત હુકમ</u>

(૧) ફરીયાદીને સાંભળ્યા, પુરશીશ તથા કેસનો રેકર્ડ વંચાણે લીધુ આ કામે લોક અદાલતમાં સમન્સ/નોટીસ પક્ષકારોને કાઢતા ફરીયાદી/ ભોગ બનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે પરંતુ આરોપીઓ હાજર થયેલ નથી. ફરીયાદી/ ભોગબનનાર હાલની પુરશીશથી જાહેર કરેલ છે કે તેઓ આરોપીઓ વિરુધ્ધ ગુનો કમ્પાઉન્ડ(દર ગુજર) કરે છે. અને તેઓ સદર કેસ આગળ ચલાવવા માગતા નથી. સદર પુરશીશ તેઓને વાંચી,સંભળાવી સમજાવતા કોઈપણ જાતના ધાકધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત હકીકતે આ કોર્ટ એ નિર્ણય કરવાનો છે કે આરોપીઓને કેસનો સમન્સ બજયો ન હોય તેમજ આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરશીશમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપીઓ વિરુધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧). વાય.બી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા ૨૦૦૮ ક્રિ. લો.જ –૯૨૮.

૨). યસુદાસ અને બીજા વિ. સબ–ઈન્સ્પેકટર ઓફ પોલીસ કલ્લાસમેસરી અને બીજા, ક્રિ. લો.જ. ૧૨૯૦.

સદર ઓથોરીટીમાં નામ. કેરાલા હાઈકોર્ટ નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ) ક્રિ.પો.કો.કલમ–૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીયા ક્રિયા છે અને તે દ્વિપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોષ્ટકની કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઈ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપીઓની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.

(ડી) ક્રી.પ્રો.કોડ કલમ– ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈને લેતા કોર્ટ આરોપીઓને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

(ઈ) ક્રિ.પ્રો.કોડ કલમ ૩૨૦ હેઠળ કોઈ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટ કોર્ટ ગુનાનું સંજ્ઞાન લે તે પહેલાં ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

આમ ઉપરોકત ઓથોરીટીમાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લીધા સદર સિધ્ધાંત મુજબ સી.આર.પી.સી.ની કલમ ૩૨૦ મુજબનો ગુનો માફ (દરગુજર) કરવા માટે કરવાની પુરશીશમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીઓની આ કોર્ટ

સમક્ષ હાજરી પણ ફરજીયાત નથી. વધુમાં સી.આર.પી.સી.ની કલમ ૩૨૦(૧) ની જોગવાઈ ધ્યાને લેતાં ઉપરોકત ગુનો માંડવાળ પાત્ર છે અને તે ગુનો માંડવાળ કરવાની સત્તા તે ગુનાના ભોગબનનારને છે, જેઓના ધ્વારા જ હાલની આ પુરસીસ આપવામાં આવેલ હોઈ  તેથી હાલની પુરશીશ સ્વીકારવાને પાત્ર છે તેમજ ફરીયાદને ધ્યાને લેતા જો પુરશીશ ગ્રાહય રાખી કેસ ફેસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુકશાન થતુ હોય તેમ જણાતુ નથી. વધુમાં આરોપીઓને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં ફેર પડતો હોય તેમ જણાતું નથી અને ફરીયાદી/ભોગ બનનાર કોઈપણ પ્રકારના ધાકધમકી કે દબાણ વગર સ્વેચ્છીક રીતે હાલની ફરીયાદ કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ હોય અને સી.આર.પી.સી.ની કલમ ૩૨૦(૧) ની જોગવાઈ ધ્યાને લેતાં ઉપરોકત ગુનો માંડવાળ પાત્ર હોય અને તે જોગવાઈ મુજબ ભોગબનનાર તે ગુનો માંડવાળ કરી શકે તેવી જોગવાઈ હોઈ અને તેઓના ધ્વારા જ જયારે હાલની આ અરજી ગુજારવામાં આવેલ હોય ત્યારે માત્ર આરોપીઓ હાજર નથી કે આરોપીઓની તે માંડવાળ પુરસીસ ઉપર કોઈ સહી નથી તેવા કારણસર ફરીયાદી/ભોગ બનનાર ધ્વારા ગુનો માંડવાળ કરવાની અરજી નામંજુર થઈ શકે નહી અને તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાંણા વેડફવા બરાબર થશે માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ પુરશીશ રેકોર્ડેડ કરવાનો હુકમ કરવામાં આવેલ  હોઈ જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // <u>આખરી હુકમ</u> //

૧. આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૩૨૦(૧)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કો કલમ ૪૦૬, ૪૨૦ મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ  લગત વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે. આરોપીના અગાઉના જામીન ખત અપીલ સમય વીત્યે રદ ગણવા.

હુકમ આજ રોજ  ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૦૮/૦૩/૨૦૨૫.
અમદાવાદ.

**(એ. એન. વોરા )**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
( કોડ નં. જી.જે.૦૦૮૪૯)